**ફો.કે.નં.૩૦૫/૨૦૨૬**

## –: પ્લી લગત હુકમ:–

**૧.** સદર કામે આરોપી સામે ધી ગુજરાત નશાબંધી અધિનિયમ–૨૦૧૬ ની ક.**૬૬(૧) બી** મુજબનું ચાર્જશીટ રજુ કરવામાં આવતા, સમન્સ કરતા,આજરોજ આરોપી હાજર રહેલ છે.ગુન્હા બાબતે આરોપી પોતાની મરજી અને સ્વેચ્છાએ સદર ગુનો કબુલ કરવાનું જણાવે છે અને તે બાબતે તેઓએ પોતાની ગુનો કબુલાત પુરશીશ આ કામે રજુ રાખેલ છે . જેતી આરોપી સ્વેચ્છીક કબુલાત કરતા હોવાનું ફલીત થાય છે.

૨. નામ. માનવંત ગુજરાત હાઇકોર્ટ દવારા *STATE OF GUJARAT vs. NATWAR HARCHANDJI THAKOR, 2005 (1) GLR 709* નાં ચુકાદામાં એવુ પ્રસ્થાપિત કરેલ છે કે,The word "special" has to be understood in contradiction to word "general" or "ordinary". It becomes apparent and unquestionable from the language employed in the proviso that the reasons to be recorded in writing in judgment for less than the minimum sentence, on the ground of presence of special and adequate reasons in the light of sentencing process must be special and adequate to the circumstances in a given case and peculiar to the accused in each case. It is, therefore, very clear that the discretionary jurisdiction empowered in the trial Magistrates must be based on and in presence of special and adequate reasons to the contrary to be mentioned in the judgment of the Court for each case and each accused. (Para 42; See also Paras 35, 43 and 44) સદર જે પ્રસ્થાપિત સિધ્ધાંતને હાલનાં કેસની હકીકત સાથે લક્ષ્માં લેવામાં આવે તો,હાલનાં જે આરોપી/ઓ દ્વારા કબંલાત કરવામાં આવે છે,તેમની સામે કાયદામાં પ્રસ્થાપિત કરેલ સજાની જોગવાઇ કરતા,ઓછી સજા કરવી મુનાસીફ જણાય છે.

૩. સદર કેસનું રેકર્ડ તથા ફરીયાદ પેપર્સ ધ્યાને લેતા તેમજ આરોપીની આર્થીક સ્થીતી તથા સદર ગુનાં અંગે દયાની માંગણી જોતા,આરોપીને સજા કરતી વખતે ઉદાર વલણ રાખી સુધરવાની તક આપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ જણાતુ હોય નીચે મુજબનો હેકમ કરવામાં આવે છે.

### –:: આખરી હુકમ::–

આ કામના **આરોપી બાબુભાઇ કરશનભાઇ જેઠવા** ને ધી ગુજરાત નશાબંધી અધિનિયમ–૨૦૧૬ ની ક.૬૬(૧)બી મુજબના ગુન્હામાં ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા– ૨૦૨૩ ની ક.૨૭૫ મુજબ તકસીરવાન ઠરાવી,આરોપીને રૂા.૧૦૦/– (અંકે એકસો પુરા)નો દંડ કરવામાં આવે છે અને કોર્ટ ઉઠતા સુધીની સજાનો હેકમ કરવામાં આવે છે.જો આરોપી દંડની રકમ નભરે તો આરોપીને દિન –૨ (બે) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ નેશનલ લોક અદાલતની સ્પેશીયલ સીટીંગમા વાંચી, સંભળાવી જાહેર કર્યો.

Date : 11/07/2026
Place : **SUTRAPADA**

**(A.R.BORICHA)**
JUDICIAL MEGI.FIRST CLASS
SUTRAPADA,GIR SOMNATH.
CODE:GJ00978